જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૨/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૮૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૮ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૫૪૫ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૬૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૫૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૬,૨૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૮૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૮૯/૨૦૨૫**

નરોડાઃ પ્રજ્ઞેશભાઇ જયંતિભાઇ પટેલ (ઉ.વ.૨૪) (રહે. રાધેશ્યામ રેસીડેન્સી કલ્યાણચોક પાસે નિકોલ) એ તા.૩૦/૧૧/૨૦૨૫ ના નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રજ્ઞેશભાઇ પટેલ નાઓ નરોડા સ્વામિનારાયણ પાર્ક એમ.એસ.સ્કુલ પાસે 'પટેલ ખમણ હાઉસ એન્ડ નમકિન' નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય તા.૧૩/૧૦/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે તેઓની દુકાન ખાતે અજાણ્યો પુરૂષ આવેલ અને ફોન પે કંપનીમાંથી આવતો હોવાની ઓળખ આપી જણાવેલ કે ફોન પે બેન્કનો ક્યુ.આર.કોડ રાખતા હોય તેમને લોન મળવા પાત્ર છે તેમ કહેતા પ્રજ્ઞેશભાઇને નાણાંની જરૂરીયાત હોય લોન મેળવવા માટે હા પાડતા તેઓએ તા.૧૩/૧૦/૨૦૨૫ થી તા.૧૦/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન લોન એપ્રુવ કરવા પ્રોસેસ કરવાનું કહી પ્રજ્ઞેશભાઈ પટેલનો ફોન તેમજ એટીએમ કાર્ડ લઈ એટીએમ સેન્ટરમાં ગયો હતો. તેમજ પ્રજ્ઞેશભાઈ પટેલના સંબંધીને પણ લોનની જરૂરીયાત હોય તેને પણ લોન મેળવવા પ્રોસેસ માટે અજાણ્યા પુરૂષને મોબાઈલ ફોન આપ્યો હતો. દરમ્યાન અજાણ્યા પુરૂષે યેનકેન પ્રજ્ઞેશભાઈ પટેલ તથા પ્રજ્ઞેશભાઈ પટેલના સંબંધીના બેન્ક ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૨,૧૭,૭૧૮/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.કોટડીયા ચલાવે છે.

મણીનગરઃ મુકેશકુમાર ગોરધનલાલ ફલોદીયા (ઉ.વ.૪૦) (રહે. શ્રી વિનાયક એપાર્ટમેન્ટ પુષ્પકુંજ સોસાયટી મણીનગર) એ તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ અજાણી વ્યક્તિએ મુકેશભાઈ ફલોદીયા નાઓનો મોબાઈલ ફોન હેક કરી બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૮૩,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૬૯૦/૨૦૨૫**

સરખેજઃ સરખેજ ફતેવાડી તનાઝ લકજ્યુરીયસ ફ્લેટ લેબર કોલોની ખાતે રહેતા રોનિત કુંવરસિંહ ગીનવા (ઉ.વ.૧૭) (મુળ વતન. તેહ ગંધવાની ગામ ભરોડા, કેશવી,ધાર મધ્યપ્રદેશ) તા.૨૯/૧૧/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે તનાઝ લકજ્યુરીયસ ફ્લેટ નવી બનતી સાઈટના નવમા માળે એ/૯૦૧ ખાતે હેલોજનના વાયરને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેને સહયોગ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કરેલ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૯૧/૨૦૨૫**

એલીસબ્રીજઃ આંબાવાડી સુંદરપુરા મહેનતપુરા ખાતે નરોતમભાઈ મરકવાણા નાઓના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૫ કલાક ૦૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેને વા.સા.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોશ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકભાઈ વલજીભાઈ ચલાવે છે.

ઈસનપુરઃ વિરાભાઈ વાલજીભાઈ પટેલ (ઉ.વ.૫૯) (રહે. આવકાર હોલ પાસે નરનારાયણ સોસાયટી રતીલાલની ચાલી ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૧/૨૦૨૫ બપોરના ૦૩/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.આર.દામા ચલાવે છે.

કૃષ્ણનગરઃ વિરલભાઈ વિજયભાઈ પટણી (ઉ.વ.૨૩) (રહે. બગીચા ગલી ઠક્કરનગર ચાર રસ્તા પાસે કૃષ્ણનગર) એ અગમય કારણસર તા.૨૯/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડના હુક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેશકુમાર શામળભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી